**સને ૨૦૧૯-૨૦ ના વર્ષ માટેની વહીવટી મંજૂરી બાબત. ટીમરૂ વૃક્ષોના સંવર્ધન બાબત.**

**સને ૨૦૧૯-૨૦**
**વિભાગ-૧ નવી બાબત.**

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ બજટ/૧૦૨૦૧૮/૧૩૬૧/એફ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૮/૦૮/૨૦૧૯.

# ઠ રા વ

૨. સને ૨૦૧૯-૨૦ ના ફેરફાર કરેલ અંદાજપત્રમાં વિભાગ-૧ નવી બાબતની નીચે દર્શાવેલ યોજના માટે નીચેની વિગતે અંદાજપત્રીય જોગવાઈ થયેલ છે. જેનો ખર્ચ કરવા માટે નીચે દર્શાવેલ શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

૩.

| ક્રમ | યોજનાનું નામ (ફાઇલ ક્રમાંક) | સને ૨૦૧૯-૨૦ ની જોગવાઇ (રૂપીયા લાખમાં) | બજેટ સદર | |
|---|---|---|---|---|
| ૧ | ટીમરુ વૃક્ષોના સંવર્ધન બાબત. | ૧૦૦.૦૦ | માંગણી ક્રમાંક | ૯૬ (આદિવાસી) |
| | | | સેકટર | (ગ) આર્થિક સેવાઓ |
| | | | સબ સેકટર | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓના મુડી હિસાબ |
| | | | મુખ્ય સદર | ૪૪૦૬-વનનિર્માણ અને વન્યપ્રાણી જીવનઅંગે મૂડી ખર્ચ જોગવાઈ |
| | | | પેટા મુખ્ય સદર | ૦૧-વન નિર્માણ |
| | | | ગૌણ સદર | ૭૯૬– આદિજાતી વિસ્તાર પેટા યોજના |
| | | | પેટા સદર | ૦૧-એફ એસ ટી -૫ –વન વહીવટ અને વિકાસ |

૪. આ યોજનાને નીચે જણાવેલ શરતો મુજબ વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) ઉપર્યુક્ત યોજનાની સને ૨૦૧૯-૨૦ ની મૂળ ફાઇલમાં પ્લાન સિલીંગની મર્યાદામાં જે કામગીરી માટે સૈધ્ધાંતિક મંજૂરી મળેલ છે, તે કામગીરી માટે જ ખર્ચ કરવા સદરહુ વહિવટી મંજૂરી આપવામાં આવે છે.

(૨) આ વિભાગ દ્વારા જે જે હેતુઓ માટે જેટલી જેટલી ગ્રાન્ટ રીલીઝ કરવામાં આવે તેની મર્યાદામાં રહીને જ ખર્ચ કરવાનો રહેશે અને યોજના માટેના જે તે સદરે ઉધારવાનો રહેશે. આ અંગે કોઇપણ જાતની નવી સેવા બને તેવા ખર્ચ કરી શકાશે નહીં. તેમજ રાજ્ય સરકાર ઉપર ભવિષ્યમાં આર્થિક ભારણ બને તેવો કોઇ ખર્ચ કરી શકાશે નહિ.

(૩) સરકારી ખર્ચમાં કરકસર અંગેનાનાણાં વિભાગના તા.૨૨/૦૬/૯૪ ના પરિપત્ર ક્રમાંકઃ ખરચ-૧૦૯૪-૨૬૦-ઝ.૧, તા.૨૦/૦૫/૯૬ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ-૧૦૯૬-ઓ-૬૪૫-ઝ.૧ તથા તા.૦૯/૦૯/૯૮ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ-૧૦૯૮-૭૦૪-(૫૮)ઝ.૧, અનુસારની તેમજ વખતોવખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૪) સદરહુ યોજના હેઠળ મંજૂર કરેલ રકમ તેમજ ફાળવેલ ભૌતિક લક્ષ્યાંકો અંગેની વિવિધ ડિવિઝન વાર ફાળવણીની વિગતો તથા તેના અમલીકરણ અન્વયે થયેલ ખરેખર ખર્ચની અધિકૃત માહિતી સરકારશ્રીને અચૂક રજૂ કરવાની રહેશે.

(૫) જે હેતુ માટે જોગવાઈ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે. અન્ય કોઈ હેતુ માટે ખર્ચ કરી શકાશે નહીં.

(૬) સને ૨૦૧૯-૨૦ના વર્ષના અંદાજપત્રમાં થયેલ જોગવાઇને આધિન રહીને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને ખર્ચ કરવાનો રહેશે. વર્ષને અંતે રહેતી બચત સુપરત કરવાની રહેશે.

(૭) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૮) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ મંજૂરી અન્વયે જો કોઇપણ વસ્તુની ખરીદી/ખર્ચ કરવાનો હોય તો તે, રાજ્ય સરકારશ્રીના પ્રવર્તમાન ધારા-ધોરણોને આધિન/નિયમાનુસાર અને નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૧૧) જે યોજનામાં જમીન સંપાદન કરવાની જરૂરિયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદનની કાર્યવાહી સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે. અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

(૧૨) રેલવે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા ક્લીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતા પહેલા જરૂરી ચોક્સાઇ કરી લેવાની રહેશે.

(૧૩) પ્રસ્તુત કામ માટે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-છ, તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે 'ઇ' ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓ/સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૧૫) આ યોજના માટે હાથ ધરાનાર પ્રવૃત્તિની કાર્યયોજના વહીવટી વિભાગ પાસે મંજૂર કરાવીને અમલ કરવાનો રહેશે.

(૧૬) આ યોજનાના ભાગરૂપે હાથ ધરવાની થતી કાર્યવાહી પૈકી સર્વેક્ષણ, પ્રચાર પ્રસાર જાગૃતિના કાર્યક્રમો વગેરે માટે થનાર ખરીદી માટે નિયત પ્રક્રિયા અનુસરવાની રહેશે તથા કાર્યયોજના વહીવટી વિભાગ પાસે મંજુર કરાવીને ખર્ચ કરવાનો રહેશે.

(૧૭) આ યોજનાના અમલના ભાગરૂપે હાથ ધરવાની પ્રવૃત્તિઓ પૈકી જે પ્રવૃતિ હાથ ધરવા સરકારશ્રીની નિયત ગાઇડલાઇન્સ ન હોય ત્યાં તે હાથ ધરવા સક્ષમ કક્ષાએ મંજૂરી મેળવવામાં આવે.

(૧૮) યોજના અન્વયે ખાતાના વડા કક્ષાએ નિયમિત સમયાંતરે ઓછામાં ઓછુ ત્રિમાસિક મોનીટરીંગની વ્યવસ્થા ગોઠવી તેનો પ્રગતિ અહેવાલ વિભાગને રજુ કરવાનો રહેશે.

(૧૯) સુચિત કામો પૈકી જે કામો મનરેગા હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ મનરેગા હેઠળ ઉધારવામાં આવે તે અંગેની વિભાગે તકેદારી રાખવાની રહેશે.

(૨૦) સદરહુ યોજના હેઠળ મંજુર કરેલ રકમ તેમજ ફાળવેલ ભૌતિક લક્ષ્યાંકો અંગેની પ્રવૃત્તિવાર અમલીકરણ અન્વયે થયેલ ખરેખર ખર્ચની માહિતી સરકારશ્રીને રજૂ કરવાની રહેશે.

(૨૧) હાથ ધરવાના થતા કામો માટે સરકારશ્રીની નિયત પ્રક્રિયા અને પદ્ધતિ અનુસરવાની રહેશે.

(૨૨) આ યોજના અંગે સરકારશ્રીની વનસંરક્ષણની અદ્યતન નીતિને અનુસરીને કાર્ય કરવાનું રહેશે.

(૨૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિ કરવાનું રહેશે.

(૨૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૨૫) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૨૬) આ યોજનાના અમલના ભાગરુપે ટીમરુ વૃક્ષો ફરતે ટ્રેન્ચ બનાવવાની કામગીરી અંગે ૭*૦.૪૫*૦.૩ મીટર માપના નિયત થયેલા એસ.ઓ.આર થી અથવા વિભાગ કક્ષાએ કે સરકાર કક્ષાએ મંજુર કરાવેલ સુચનાઓ હોય તે સિવાયના કિસ્સામાં નિયત પ્રકીયા અનુસરી ખર્ચ કરવાનો રહેશે.

(૨૭) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૫. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની નાણાં વિભાગની તા.૨૦/૦૮/૧૯ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે આ હુકમો કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનીષ સી. શાહ)
ઉપ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, અરણ્ય ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,(જમીન)ગુજરાત રાજ્ય, અરણ્ય ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વિકાસ અને વ્યવસ્થા),. અરણ્ય ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર
- મેનેજીંગ ડાયરેકટર શ્રી,વન ગંગા,અલકાપુરી,ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ ,વડોદરા
- મુખ્ય વન સંરક્ષકશ્રી (બજેટ), અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (વન) બ્લોક નં. ૧૧, ૧ લો માળ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી, બજેટ, વન અને પર્યાવરણ વિભાગ.
- મુખ્ય વન સંરક્ષકશ્રી, પી.પી.એમ.ઇ., ગુજરાત રાજ્ય, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- નાયબ વન સંરક્ષકશ્રી,આઇ.ટી.,અરણ્ય ભવન,ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

- ❖ વન અને પર્યાવરણ વિભાગની બજેટ શાખા
- ❖ સિલેક્ટ ફાઇલ ( બ્રાન્ચ કલેકશન )
- ❖ સંબંધિત નાયબ સેકશન અધિકારીની સીલેક્ટ ફાઇલ.
- ❖ સીસ્ટમ મેનેજર - વન અને પર્યાવરણ વિભાગ – વેબસાઇટ પર મૂકવા સારૂં.